GJAN080013592024

દાખલ કર્યા તારીખ : ૨૮/૦૬/૨૦૨૪
રજીસ્ટર્ડ કર્યા તારીખ : ૨૮/૦૬/૨૦૨૪
ફેંસલ કર્યા તારીખ : ૦૨/૦૭/૨૦૨૬
સમય–૦૨ વર્ષ, ૦૦ મહિના, ૦૪ દિવસ

**મહે. એડિશ્નલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.ઉમરેઠ**

સમરી દિવાની દાવા નં.૧૭/૨૦૨૪
આંક :

**વાદીઃ**

યુનિયન બેંક ઓફ ઈન્ડીયા, ઉમરેઠ શાખા
જી.આણંદ, અધિકૃત સહીકર્તા,
લોકેશ કુમાર મીના

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઃ**

(૧) ભુપતભાઈ પુનાભાઈ ચાવડા
રહે. ૧૮, ચાવડા ફળીયું, ગામ–વજેવાડ
તા.ઠાસરા જી.ખેડા

(૨) રમેશભાઈ હિંમતભાઈ ચૌહાણ
રહે.ગામ–ઉનાલિયા(કોલાજ)
તા.ઠાસરા જી.ખેડા

| |
|---|
| દાવો : – સી.પી.સી. હુકમ–૩૭ નિયમ–(૧)(૨) મુજબ લેણી રકમ વસુલ લેવા બાબતે. |
| વાદી તરફે વિ. વકીલ શ્રી એસ.એ.તૈરેદેસાઈ<br>પ્રતિવાદી તર્ફે વિ. વકીલ શ્રી એ.ઝેડ.પઠાણ |

**–: જજમેન્ટ :–**

(૧) આ કામના વાદીની દાવાની હકીકત એવી છે કે, આ કામના વાદી પાસેથી પ્રતિવાદીએ ધિરાણ મેળવેલ છે. જે તે આ કામના વાદી ધ્વારા દાવા અરજીમાં જણાવ્યા મુજબ પ્રતિવાદીને રૂા.૪,૦૦,૦૦૦/– ની કિસાન ક્રેડીટ કાર્ડ લોન

આપવામાં આવેલ હતી. જે લોન ભરપાઈ કરવામાં પ્રતિવાદીએ કસુર કરતા વાદીએ પ્રતિવાદી પર હાલનો દાવો લાવેલ છે. આ કામના વાદી એ જાહેર સંસ્થા છે અને વાદીએ પ્રતિવાદી પાસેથી દાવા અરજીમાં જણાવેલી વિગતે પોતાની ચઢેલ લેણી રકમ રૂા.૪,૭૩,૪૮૨.૪૪/– અંકે રૂપીયા ચાર લાખ તોત્તેર હજાર ચારસો બ્યાસી અને ચુમ્માલીસ પૈસા પુરા વાર્ષિક ૧૦.૬૫% ના વ્યાજ સાથે તથા ૨% ઓવર ડયુ ઈન્ટરેસ્ટ સાથે વસુલ મેળવવા સી.પી.સી. હુકમ–૩૭ નિયમ–(૧)(૨) મુજબ હાલનો દાવો કરેલ છે અને તે મુજબ દાવામાં દાદ માંગેલ છે.

(૨) આ કામે પ્રતિવાદીને દાવામાં હાજર થવા માટે નો સમન્સ (એપેડીક્ષ–બી ફોર્મ નં.૪) મુજબનો કાઢવામાં આવેલ છે અને જે પ્રતિવાદીને યોગ્ય રીતે બજેલો છે, જે આ કામે આંક–૦૫ થી રજૂ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૧ આ કામે તેમના વિદ્ધાન વકીલશ્રી મારફત હાજર થયેલા અને આ કામના વાદી તર્ફે આંક–૧૩ થી સમન્સ ફોર જજમેન્ટ મેળવવા માટે અરજી દાખલ કરેલ. અરજી દાખલ થતા પ્રતિવાદીને સમન્સ ફોર જજમેન્ટ ના નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ જે ૧૨/૦૬/૨૦૨૬ ના રોજ યોગ્ય રીતે બજવા છતા પ્રતિવાદીઓ કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી કે કોઈ અરજી કરેલ નથી. ત્યારબાદ આ કામે આંક–૧૬ થી વાદી દ્વારા સી.પી.સી. હુકમ–૩૭, નિયમ – ૪ અને ૫ પેટા નિયમ–૬(એ) મુજબ આખરી જજમેન્ટની અરજી સોગંદનામા પર રજૂ રાખેલ છે. જે મુજબ આ કામના વાદી દાવા મુજબની રકમ મેળવવા હક્કદાર ઠરે છે.

(૩) આ કામે વાદીએ સી.પી.સી. હુકમ– ૩૭, નિયમ – ૪ અને ૫ પેટા નિયમ–૬(એ) મુજબ આખરી ચુકાદો જાહેર કરવા માટેનું સોગંદનામું રજૂ કરેલ છે. જે વંચાણે લેતાં વાદીના દાવાની હકીકતને સંપૂર્ણપણે સમર્થન મળે છે. વાદીનો દાવો વાદીના સોંગદનામા તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર થાય છે. આ કામે રજૂ નિશાની– ૩/૧ થી ૩/૧૪ વાળા દસ્તાવેજ અસલ હોય, જેથી તેને પુરાવામાં વંચાણે લેવામાં આવે છે તથા **આંક–૧૭ થી આંક–૩૦** આપવાનો હુકમ કરવામાં આવે છે. જે નહી માનવા કોઈ કારણ રહેતુ નથી. જેથી વાદી સી.પી.સી.ઓ.૩૭ ના રુલ્સ ૩(૬) મુજબ પ્રતિવાદી સામે માંગ્યા મુજબનું હુકમનામું મેળવવા હકકદાર ઠરે છે.

(૪) આ કામે વાદીએ જે પુરાવો રજુ કરેલ છે. તે દસ્તાવેજી પુરાવા અસલ હોય જેથી તેઓને અનુક્રમે **આંક–૧૭ થી આંક–૩૦** આપવામાં આવે છે. આ કામે વાદી

દ્વારા જે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ કરવામાં આવેલ તે મુજબ આંક–૧૭ થી કૃષિ ધિરાણ માટેની અરજી રજુ કરેલ છે. જે જોતાં આ કામના વાદી પાસેથી પ્રતિવાદીએ ધિરાણ મેળવેલ છે તેવું સ્પષ્ટપણે ફલિત થાય છે. વધુમાં આંક–૧૮ થી મંજૂરી પત્ર તથા આંક–૧૯ થી ડિમાન્ડ પ્રોમિસરી નોટ તથા આંક–૨૦ થી ટેક ડિલિવરી લેટર ટુ ડી.પી.એન તથા આંક–૨૧ થી કૃષિ લોન માટે સામાન્ય ગીરો ખત તથા આંક–૨૨ થી સાતત્યનો પત્ર તથા આંક–૨૩ થી બાંયધરી પત્ર તથા આંક–૨૪ થી પાવર ઓફ એટર્ની તથા આંક–૨૫ થી કૃષિ લોન માટે ગેરંટી કરારની ડીડ તથા આંક–૨૬ થી ગામ ફોર્મ નં.૭, સર્વે નં.૭૨૯ ની ઓનલાઈન પ્રિન્ટ તથા આંક–૨૭ થી દેવાની સ્વીકૃતી તથા આંક–૨૮ થી એકાઉન્ટ સ્ટેટમેન્ટ અને આંક–૨૯ થી યુનિયન બેંકનો ગેઝેટ ઓફ ઈન્ડીયા મર્જર લેટર કોર્પોરેશન બેંક અને આંક–૩૦ થી યુનિયન બેંક ઓફ ઈન્ડીયા ઉમરેઠ શાખાના બ્રાન્ચ મેનેજર શ્રી લોકેશ કુમાર મીનાના પાવર ઓફ એટર્ની રજુ કરેલ છે. આમ સદરહુ તમામ દસ્તાવેજી પુરાવા જોતા આ કામના વાદી પાસેથી પ્રતિવાદીઓએ ધિરાણ મેળવેલ હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. આ કામે વાદી તરફે રજુ થયેલ પુરાવાનું પ્રતિવાદી તરફે ખંડન થયેલ નથી અગરતો વિરૂધ્ધની કોઈ રજુઆત થયેલ નથી. જેથી, સદરહુ પુરાવાને નહીં માનવાને કોઈ કારણ નથી. વાદી એ જાહેર સંસ્થા છે અને રજુ થયેલ આધારો જાહેર દસ્તાવેજો છે તેમજ વાદી બેન્ક લોકોના હિત માટે કામ કરતી સંસ્થા છે અને તેના કર્મચારીએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કૃત્ય છે. તેઓને પ્રતિવાદી સામે ખોટું કરવાનું કોઈ કારણ નથી. વાદીના દસ્તાવેજી પુરાવાને સોગંધનામાથી સમર્થન મળેલ છે. આ કામે પ્રતિવાદીએ હાજર થઈ બચાવ કરવા માટે રજા મેળવવા (Leave to Defend) માટે કોઈ કાર્યવાહી કરેલ નથી કે પુરાવો આપવા માટે પોતાની જાતને સાક્ષીના પાંજરામાં મુકેલ નથી કે વાદીનો દાવો ખોટો છે તે અંગે વિરુધ્ધનું કાંઈ જ પ્રતિવાદી રેકર્ડ પર લાવી શક્યા નથી. જેથી, વાદીનો દાવો ખોટો હોવાનું અગર તો કાયદાનુમત ન હોવાનું માનવાને કોઈ કારણ નથી. આમ, ઉપરોકત ચર્ચા તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કામના પ્રતિવાદી પાસેથી વાદી સંસ્થાને કાયદેસર લેણી રકમ નીકળે છે અને આ કામના પ્રતિવાદીએ સદરહુ લેણી રકમ ચૂકવવામાં કસૂર કરેલ હોવાનું સ્પષ્ટ પણે ફલીત થાય છે.

(૫) આ કામે ઉપરોકત ચર્ચા તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં વાદી આ કામના પ્રતિવાદી પાસેથી તેમની ચઢેલ લેણી રકમ મેળવવા હકદાર હોવાનું પુરવાર થાય છે. જે ધ્યાને લેતાં તથા રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં હાલના કામે

વાદીના દાવાની હકિકતો સ્પષ્ટપણે પુરવાર થતી હોવાનું જણાઈ આવે છે. આ કામે વાદીએ તેમના દાવાની દાદમાં લેણી રકમ પર દાવો દાખલ કર્યાની તારીખ થી વાર્ષિક ૧૦.૬૫% ના વ્યાજ સાથે તથા ૨% ઓવર ડ્યુ ઈન્ટરેસ્ટ સાથે દાવાની રકમ વસુલ મેળવવા માંગણી કરેલ છે. સિવિલ પ્રોસીજર કોડની કલમ–૩૪ મુજબ વાદી પ્રતિવાદી વચ્ચે જો કોઈ કરાર થયેલ હોય તો તે મુજબનું વ્યાજ મેળવવા વાદી હકકદાર છે. પરંતુ, આ કામે વાદી ધ્વારા કરવામાં આવેલ વ્યાજની માંગણી વધુ પડતી જણાય આવતી હોય તે મુજબ વ્યાજ આપવું ન્યાયોચીત જણાતુ નથી. વાદી એ જાહેર સંસ્થા છે અને તેના કાયદેસરના લેણા પ્રતિવાદીએ નિયત સમયમાં ચુકવેલ ન હોઈ વાદી પ્રવર્તમાન સમયમાં ચાલતા રાષ્ટ્રીયકૃત બેન્કોના દર મુજબ વાર્ષિક ૬% ના સાદા વ્યાજના દરે લેણી રકમ પર દાવા તારીખથી વ્યાજ મેળવવા હકકદાર છે. આમ, ઉપરોકત ચર્ચા, કાયદાની જોગવાઈઓ તથા રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં હાલના કામે વાદીના દાવાની હકિકતો સ્પષ્ટપણે પુરવાર થતી હોવાનું જણાઈ આવે છે. જેથી, ઉપરોકત કારણો તથા નિર્ણય અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ:–**

(૧) વાદીનો દાવો **અંશતઃ મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીઓએ વાદીની બાકી નિકળતી લેણી રકમ **રૂ.૪,૭૩,૪૮૨.૪૪/–** અંકે રૂપીયા ચાર લાખ તોત્તેર હજાર ચારસો બ્યાસી અને ચુમ્માલીસ પૈસા પુરા દાવો દાખલ થયાની તારીખથી સદર રકમ વસુલ મળે ત્યાં સુધી વાર્ષિક ૬% ના સાદા વ્યાજના દરે વાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ વાદીને ચુકવી આપવો અને પ્રતિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૦૨ જી, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા : ૦૨/૦૭/૨૦૨૬
સ્થળ : ઉમરેઠ

(પાર્થ પ્રવીણચંદ્ર ચૌહાણ)
એડિશ્નલ સિવિલ જજ, ઉમરેઠ
જી.જે. ૦૧૬૯૨

*D.M.Talpada-Steno.*